# શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન

## બંધારણ

(૧) સંસ્થાનું નામ : શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન રહેશે.

(૨) મહાજન કાર્યાલય : મહાજનનું મુખ્ય કાર્યાલય મુંબઈમાં રહેશે. તેમજ કાર્યાલય માટે કાયમી ધોરણે સ્વતંત્ર કાર્યાલય ન લેવાય ત્યાં સુધી ચુંટાયેલા પ્રમુખશ્રીની અનુકૂળતા અનુસાર કાર્યાલયની વ્યવસ્થા કરી શકાશે. સ્થાનિક કાર્યાલય લાકડિયા મુકામે રહેશે.

### (૩) શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજનના ઉદ્દેશો

(૧) મહાજનના સભ્યો વચ્ચે ભાતૃભાવના, સંગઠન, સહકારની લાગણી કેળવવી અને વધારવી તથા તેમની આર્થિક સામાજિક, શૈક્ષણિક, આધ્યાત્મિક, શારીરિક ઉન્નતી તથા વ્યાપારલક્ષી પ્રવૃત્તિઓ કરવી અને સર્વાંગી વિકાસ સાધવો.

(૨) બાળકોનો શૈક્ષણિક, શારીરિક, ધાર્મિક, સાંસ્કારિક વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરવી.

(૩) વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ કે સ્કોલરશીપ આપવી તથા અન્ય સહાય અને પ્રોત્સાહન આપવા/અપાવવા.

(૪) અપંગ, બીમાર, અસહાય, ત્યકતાઓ, વિધવાઓ અને અશક્તોને સહાય, સરંક્ષણ મળે તેવી યોજનાઓ અને પ્રવૃત્તિઓ કરવી/કરાવવી.

(૫) દુષ્કાળ, ભુકંપ, આગ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, રોગચાળો જેવી કુદરતી આફતો તેમ જ આંતરવિગ્રહ કોમી રમખાણ જેવી માનવસર્જીત આફતોના ભોગ બનેલાઓને મદદ કરવી.

(૬) ચર્ચાપત્રો, સામાયિકો, વૃત્તપત્રો, ચર્ચા સભાઓ, ચલચિત્રો શિબિરો, જ્ઞાતિ અધિવેશનો, જ્ઞાતિ મેળાવડાઓ, પ્રદર્શનો, સમુહલગ્નો કરાવવા, સગપણ જરૂરીયાત માટે સેમિનારનું આયોજન કરવું વગેરે જનસંપર્કના સાધનો દ્વારા જનજાગૃતિ અને જનમત કેળવવા.

(૭) દવાખાનાઓ, હોસ્પિટલો, આરોગ્યધામો, વૃદ્ધાશ્રમો, આરામગૃહો, ભોજનાલય, શાળાઓ, મહાવિદ્યાલયો, છાત્રાલયો સ્થાપવા, આવાસ યોજના, મહાજન વાડી

(૫) શુભ લગ્ન પ્રસંગે જાનને જમાડવાનું મુંબઈમાં ફક્ત એક ટંક જમણ આપવાનું રહેશે. દેશમાં શુભ લગ્ન પ્રસંગે અનુકૂળતા અનુસાર જમણ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

(૬) લગ્ન પ્રસંગ ભલે અંગત પ્રસંગ હોય અને દરેકને ઉજવવાની હોશ હોય તે સ્વાભાવિક છે. છતાં લગ્ન પ્રસંગ એ અંગત પ્રસંગની સાથેસાથે સામાજિક પ્રસંગ પણ છે. માટે આવા પ્રસંગે દેખાદેખી કે ખોટા દેખાડા કે ખોટા ભપકાથી વ્યક્તિગત તેમ જ સરવાળે સમાજની શક્તિ તથા સમયનો વ્યય થાય છે. તો ખોટા પ્રદર્શનોથી દૂર રહી વિવેકબુદ્ધિથી શુભ મંગલ પ્રસંગ ઉજવવાની જ્ઞાતિજનોને અપીલ સાથે વિનંતી કરે છે.

(૭) શુભ લગ્ન પ્રસંગોને જાનનું વાજતે ગાજતે સામૈયું કરી શકાશે.

(૮) જાનના સામૈયા વખતે કરાતી ઘોર (રૂપિયાની) કરવી નહીં. (કિટલીક વખત ઉત્સાહના અતિરેકમાં અસામાજિક તત્ત્વો ફાયદો ઉઠાવે છે.)

(૯) દીકરીને સામાજિક રીત રિવાજ મુજબ આણું વળાવતી વખતે યથાશક્તિ આપેલ આણાની સામગ્રી બન્ને પક્ષે સગા સંબંધીઓને બતાવવાનું રિવાજ સદંતર બંધ કરવામાં આવે છે.

(૧૦) આપણા સમાજમાં બાળકના જન્મ પ્રસંગે કન્યાના વાલીઓ તરફથી માટલીના લાડુ આપવાનો રિવાજ છે. આ રિવાજ ચાલુ રહે છે. પરંતુ માટલીના લાડુ સગા સંબંધીઓને આપવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

(૧૧) હોળીના તહેવાર પ્રસંગે દીકરીઓના માવતર તરફથી હાયળા આપવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

(૧૨) પ્રેત ભોજન સદંતર બંધ કરવામાં આવેલ છે. પરંતુ ગામ મહાજન તેમની રીતે સ્વામી વાત્સલ્ય અને ગામ જમણવાર પોતાના નિયમ અનુસાર સ્વીકારી શકશે તેમ જ અવસાન પામનાર વ્યક્તિ નિમિત્તે ભેટ આપવા ઈચ્છતી વ્યક્તિ ગામ મહાજનના નિયમાનુસાર આપી શકશે.

## (૧૨) શુભ લગ્ન પ્રસંગે ખોળા ભરવાની સામાજિક પરંપરા

(૧) શુભ લગ્ન પ્રસંગોએ ખોળા ભરવાની મહાજન પરંપરા અનુસાર પ્રથમ રૂ. ૧૦૨/- દહેજના રૂપિયા વરપક્ષ પાસેથી ઉઘરાવી કન્યા પક્ષને આપવાનો રિવાજ જેમ છે તેમ ચાલુ રહે છે.



(૨) ગોર-મહારાજના રૂ. ૪, રૂ. ૪ બન્ને પક્ષ પાસેથી ઉઘરાવવાની પ્રથા જેમ છે તેમ ચાલુ રહે છે.

(૩) શ્રી ચોવીસી મહાજનના લાગાના રૂ. ૧૦૧/-ની જગ્યાએ વર-કન્યા પક્ષો પાસેથી ફરજિયાત રૂ. ૫૦૦/- ઉઘરાવવાના રહેશે. કન્યા પક્ષના રૂપિયા ગામ મહાજન/મંડળ પાસે રહેશે. વર પક્ષના રૂપિયા ચોવીસી મહાજન કાર્યાલયમાં જે તે ગામમહાજન કે મંડળોએ સમયસર પહોચાડી રસિદો મેળવી લેવાની રહેશે. તેમ જ જે તે ગામમહાજન કે મંડળ શુભ લગ્નોની નોંધ રજિસ્ટર બનાવવાનું રહેશે.

(૪) જે તે ગામમહાજન કે મંડળો પોતપોતાના ગામની સંસ્થાઓ માટે ગામના નિયમો મુજબ વર-કન્યા પક્ષ પાસેથી યથાશક્તિ યોગ્ય અનુદાન મહાજનની મોદ પર માગી શકશે.

(૫) ખોળા ભરવાની મોદ પર ગામમહાજન કે મંડળો પોતાના ગામની સંસ્થાઓ પછી ચોવીસી મહાજન દ્વારા સ્થાપના કરવામાં આવેલ સંસ્થાઓ (૧) શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન ચેરિટેબલ ટ્રસ્ટ, તેમ જ (૨) શ્રી રવજી લાલજી છાડવા જૈન બોર્ડિંગ ભચાઉ અને (૩) શ્રીમતી પુનઈ બેન કરશન લઘુભાઈ નીસર કન્યા છાત્રાલય લાકડિયા તથા (૪) શ્રી વાગડ મેડિકલ રીલિફ ટ્રસ્ટ. આ સંસ્થાઓ વતીથી યથાશક્તિ અનુદાન મેળવી ખોળામાં ઉઘરાવેલ રૂપિયા જે તે સંસ્થાઓને મોકલી આપવાની ફરજ ગામ મહાજન/ મંડળની રહેશે. ખોળા ભર્યા બાદ અન્ય સંસ્થાઓને સ્વૈચ્છિક અનુદાન આપી શકાશે.

## (૧૩) સમાજની મૂળભૂત નીતિ

(એ) આંતર જ્ઞાતિય લગ્ન કરવા નહીં. (બંધારણ કલમ ૧૩(૨) સિવાય.)

(બી) કાયદા વિરુદ્ધ છૂટાછેડા લેવા નહીં.

(સી) સબળ કારણ વગર સગપણ (સગાઈ) તોડવા નહીં.

(૧) વાગડ વિશા ઓશવાળ સમાજમાં દહેજ લેવાનો કે આપવાનો બિલકુલ રિવાજ નથી.

(૨) બેટી વહેવાર કચ્છ વાગડ, કચ્છ કંઠી, અબડાસા અને હાલાર વિશા ઓશવાળ કે કચ્છી દશા ઓશવાળ નાની નાત અને મોટી નાતની જ્ઞાતિમાં જ ફક્ત કરી શકાશે.

